આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮૩ | ૩ જૂન, ૨૦૧૩, સોમવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પદ છોડવાથી પણ જેનું ગૌરવ ઘટે નહી તેજ સાચો નેતા.
- રઘુવીર ચૌધરી

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ૬૦ કિલોવોટ સોલાર ઊર્જા ઉત્પન્ન થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં હવે ૬૦ કિલોવોટ સોલાર ઊર્જાના ઉત્પાદન માટે પેનલો ફીટ કરવામાં આવશે.

ગાંધીનગર કલેક્ટર કચેરીનું નવું બિલ્ડીંગ બનતાં છેલ્લા બે વર્ષથી ત્યાં સોલાર ઊર્જાના ઉત્પાદનના ઉપકરણો લગાવાયા ન હતા. એક તબક્કે જિલ્લા કલેક્ટર શ્રી સંજીવકુમારે આ અંગે રાજ્ય સરકારમાં રજુઆત પણ કરી હતી અને તાબડતોબ આ અંગેના ઉપકરણો લગાવવા જણાવ્યું હતું.

તાજેતરમાં ગાંધીનગરમાં ૫ મે.વો. સોલાર ઊર્જા ઉત્પાદન માટેના લક્ષ્યાંક સાથે આગળ વધી રહેલ તંત્રએ હવે કલેક્ટર કચેરીમાં નવા મકાનની ડિઝાઈનને ધ્યાને લઈ ૬૦ કિલોવોટ ઉત્પાદન થઈ શકે તે રીતે પેનલો લગાવવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો મુજબ આ અંગેની પ્રાથમિક તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે અને એક સપ્તાહમાં પેનલો લગાવી દેવામાં આવશે. આ પેનલોમાંથી ઉત્પાદન થનાર ઊર્જા સીધી ટોરેન્ટની ગ્રીડમાં જશે.

ડિસેમ્બર-૨૦૧૩માં ગાંધીનગરમાં ૭ મે.વો. સોલાર ઊર્જા ઉત્પાદન થાય તે રીતે હાથ ધરાયેલું આયોજન

રાજ્ય સરકારે ૪૫ જેટલી સરકારી કચેરીઓના ધાબા પર સોલાર ઊર્જા ૨.૫ મે.વો. જેટલી ઉત્પાદન થાય તેવો લક્ષ્યાંક રાખ્યો છે. કલેક્ટર કચેરી ઉપરાંત ઉદ્યોગભવનમાં ૫૦ કિલો વોટના બીજા ઉપકરણો લગાવવામાં આવશે. આ ઉપરાંત સે. ૧૫ની આર્ટસ કોલેજ, સાયન્સ કોલેજ, કોમર્સ કોલેજના ધાબાઓ પર પણ આવા જ ઉપકરણો લગાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી જ્યાં પહેલાં બેસાતી હતી ત્યાં ૧૦ કિલો વોટની સોલાર પેનલો ફીટ કરવામાં આવી હતી. નવી બનેલ કલેક્ટર કચેરીને ત્રણ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં આ પેનલો લગાવવામાં આવી ન હતી. હવે સરકારે આ પેનલો લગાવવાની કામગીરી હાથ ધરી દીધી છે. એક જ સપ્તાહમાં કલેક્ટર કચેરીમાં આ પેનલો ફીટ થઈ જતાં ઉત્પાદન શરૂ થઈ જશે.

ગાંધીનગર શહેરમાં ૨.૫ મે.વો. ગ્રીન વીજળી સરકારી ધાબાઓ પરથી અને ૨.૫ મે.વો. ખાનગી ધાબાઓ પરથી ઉત્પાદન કરી મેળવવાનો લક્ષ્યાંક હતો. સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં ૪૫ મે.વો. સોલાર ઊર્જા ઉત્પાદન થઈ શકે તેવો શક્યતાદર્શી અભ્યાસ હતો. આ ડિસેમ્બરના અંત સુધીમાં છ મે.વો. સોલાર ઊર્જામાંથી પાટનગર મેળવતુ થઈ જશે.

રાજ્યના ઊર્જા વિભાગે આ અંગેની આખી કાર્યયોજના તૈયાર કરી દીધી છે. ટોરેન્ટ પાવરે પણ પાટનગરમાં વધતી જતી વીજ માંગને ધ્યાને રાખી સોલાર ઊર્જાનું જે ઉત્પાદન થશે તે ખરીદવાની તૈયારી બતાવી છે.

ગાંધીનગર શહેરમાં જીવરાજ મહેતા ભવન સંપૂર્ણ સોલાર ઊર્જા સંચાલિત ભવન બન્યું છે. આ ઉપરાંત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી પણ સંપૂર્ણ સોલાર આધારિત છે જે ઉલ્લેખનીય છે.



(તસવીર : દિપક જાની)

પ્રાકૃતિક વૈભવ - ગાંધીનગર પ્રકૃતિના પાલવ હેઠળ ઉછરી રહ્યું છે... નગરના કોઈપણ ખૂણેથી, કોઈપણ સ્થળેથી પ્રકૃતિના દર્શન કરો તો અનોખા જ દેશ્યો દૃષ્ટિમાં પ્રતિબિંબિત થતા હોય છે. ખૂબ જ સામાન્ય લાગતી આ ક્ષણ કેવું અલૌકિક પ્રાકૃતિક દર્શન કરાવે છે.. સૂર્યની તેજસ્વીતા ઝીલતું સરસ મજાનું પાનખર માણી રહેલું વૃક્ષ ગતિની છડી પોકારી છે.... આવતીકાલના શમણાને સૂર્યની સાક્ષીએ અભિવ્યક્ત કરે છે...

આગામી સપ્તાહે મંત્રીમંડળ વિસ્તરણના ભણકારા

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં પેટા ચૂંટણીઓના પાંચમીના રોજ પરિણામો જાહેર થયા બાદ આગામી સપ્તાહમાં રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠકો ઉપરાંત વિધાનસભાની મોરવાહડફ, લીંબડી, ધોરાજી અને જેતપુર બેઠકોની પેટા ચૂંટણીઓ આજે ૨ જી જૂનના રોજ યોજાઈ હતી અને આ પેટા ચૂંટણીઓના પરિણામ પાંચમીના રોજ જાહેર થનાર છે.

પેટા ચૂંટણીમાં જો ભાજપનો વિજય થાય તો આગામી સપ્તાહે રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે. અને મંત્રીમંડળમાં પાંચ થી સાત જેટલા નવા સભ્યોનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે મંત્રીમંડળમાં માત્ર સાત કેબીનેટ અને નવ રાજ્યમંત્રીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. જો મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તો મંત્રીમંડળમાં વધુ બે કેબીનેટ મંત્રીઓ અને ત્રણ રાજ્યમંત્રીઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્યમંત્રીમંડળની મંગળવારે સાંજે બેઠક

ગાંધીનગર, તા. ૨

રાજ્યમંત્રી મંડળની બેઠક ચોથીએ મંગળવારના સાંજે પાંચ વાગ્યે બોલાવવામાં આવી છે. જેમાં પેટા ચૂંટણીઓમાં થયેલ મતદાન અંગેની સમીક્ષા કરીને પરીણામ શું આવશે તેનો તાગ મેળવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીઓ પેટા ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત હોવાને કારણે ગત અઠવાડિયે રાજ્યમંત્રી મંડળની બેઠક યોજવામાં આવી ન હતી. હવે આગામી ૪થી જૂનને મંગળવારના રોજ સાંજે પાંચ વાગ્યે રાજ્યમંત્રી મંડળની બેઠક બોલાવવામાં આવી છે.